કે.ડી NEWS

તારીખ : 23/11/2026



નવા વર્ષના નૂતન સંકલ્પો અને લોકસંપર્કનો ભવ્ય ઉત્સવ!

નૂતન વર્ષના મંગલમય પ્રારંભ નિમિત્તે ગુજરાતની તમામ ૧૮૨ વિધાનસભા બેઠકો પર આયોજિત નૂતન વર્ષ સ્નેહમિલન કાર્યક્રમ અંતર્ગત સાવરકુંડલા વિધાનસભા ક્ષેત્રના અટલધારા કાર્યાલય ખાતે નૂતન વર્ષ સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.







આ કાર્યક્રમમાં સાવરકુંડલા-લીલીયા વિધાનસભાના લોકપ્રિય ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલ, ઉપસ્થિત રહ્યા હતા.પોતાના ગામમાં કોઈ વ્યક્તિ આયુષ્માન ભારત કાર્ડ વગરન રહે,કોઈ સીનીયર વ્યક્તિ સુવિધા સીટીઝન વગરન રહે ગામમાં ઉકરડા યુક્ત ન રહે અને જળ બચાવો અભિયાન તેવાવિધાનસભાના કાર્યકર્તાને અનુરોધ કરતા :- શ્રી કસવાલા સ્નેહ મિલન કાર્યક્રમમાં વિધાનસભાના મંડળ પ્રમુખ શ્રીઓ તેમજ નવ નિયુક્ત મહિલા મોરચાના પ્રમુખશ્રીઓનું તેમજ સન્માન કરવામાં આવ્યું

આ પ્રસંગે દેશના યશસ્વી પ્રધાનમંત્રી અને વિશ્વના લોકપ્રિય નેતા માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનું વર્ચ્યુઅલ માધ્યમથી પ્રેરણાદાયી માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું. પ્રધાનમંત્રીશ્રીએ સંગઠનની શક્તિ, કાર્યકર્તાઓની ભૂમિકા, રાષ્ટ્રસેવા અને જનકલ્યાણના સંકલ્પને વધુ મજબૂત બનાવવા અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમના વિચારો અને પ્રેરણાદાયી સંદેશથી ઉપસ્થિત કાર્યકર્તાઓમાં નવી ઊર્જા અને ઉત્સાહનો સંચાર થયો હતો.આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલજી, પ્રદેશ પ્રભારીશ્રી **તરુણ ચુઘજી તથા પ્રદેશ અધ્યક્ષશ્રી *જગદીશભાઈ વિશ્વકર્માજી*ની વર્ચ્યુઅલ ઉપસ્થિતિ પણ રહી હતી. આ મહાનુભાવોના માર્ગદર્શન અને શુભેચ્છાઓએ નૂતન વર્ષના પ્રારંભે સંગઠનના કાર્યકર્તાઓમાં નવી પ્રેરણા અને સંગઠન પ્રત્યેની જવાબદારીની ભાવનાને વધુ પ્રબળ બનાવી હતી.આ સ્નેહમિલન માત્ર શુભેચ્છાઓની આપ-લે પૂરતું મર્યાદિત ન રહેતાં સંગઠનની એકતા, પરસ્પર વિશ્વાસ, સહકાર અને જનસેવાના





નવા સંકલ્પને દૃઢ બનાવવાનું પ્રેરણાદાયી માધ્યમ બન્યું હતું. સૌએ સાથે મળીને સાવરકુંડલા-લીલીયા મતવિસ્તારના સર્વાંગી વિકાસ, લોકોની સુખાકારી અને ભારતીય જનતા પાર્ટીના સંગઠનને વધુ મજબૂત બનાવવા માટે સતત કાર્યરત રહેવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલાએ ઉપસ્થિત સૌ કાર્યકર્તા મિત્રો અને પરિવારજનોને નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી. તેમણે સંગઠનની એકતા, કાર્યકર્તાઓના પરસ્પર સ્નેહ અને સમર્પણની ભાવના સાથે જનસેવાના કાર્યોને વધુ વેગવાન બનાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.આ કાર્યક્રમમાં અમરેલી જિલ્લા પંચાયતનાં પ્રમુખ શ્રીમતી દક્ષાબેન ચોડવડીયા, અમરેલી જિલ્લા પંચાયતની જાહેર બાંધકામ સમિતિના ચેરમેન શ્રી પ્રકાશભાઈ પાનસુરીયા, સાવરકુંડલા માર્કેટિંગ યાર્ડના ચેરમેન શ્રી દીપકભાઈ માલાણી,શ્રી રજનીભાઈ ડોબરીયા પ્રમુખ સાવરકુંડલા તાલુકા ભાજપ , શ્રી અનિરુદ્ધસિંહ રાઠોડ પ્રમુખ સાવરકુંડલા શહેર ભાજપ ,શ્રી આનંદભાઈ ધાનાણી પ્રમુખ લીલીયા તાલુકા ભાજપ ,પ્રભારી શ્રી ભીખાભાઈ ધોરાજીયા, સાવરકુંડલા-લીલીયા વિધાનસભા વિસ્તારના સંગઠનના વિવિધ મોરચા પ્રમુખશ્રીઓ, મહામંત્રીશ્રીઓ, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના સદસ્યો, નગરપાલિકાના સદસ્યો, ભારતીય જનતા પાર્ટીના વિવિધ મોરચાના હોદ્દેદારો, કાર્યકરો તેમજ ગામેગામના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.સદસ્યશ્રી જીલ્લા પંચાયત શ્રી દીપકભાઈ માલાણી ચેરમેન માર્કેટીંગ યાર્ડ , શ્રી મહેશભાઈ લાખાણી વાઈસ ચેરમેન માર્કેટિંગ યાર્ડ સાવરકુંડલ,.ગામના સરપંચશ્રીઓ, સહીત તેમજ તાલુકા પંચાયત, સદસ્યશ્રીઓ , હોદ્દેદારશ્રીઓ, સંગઠનના હોદેદારો ઉપસ્થિત રહા





કે.ડી NEWS

તારીખ : 23/11/2026

નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ સાવરકુંડલા એસ.ટી. ડેપોના કર્મનિષ્ઠ ડ્રાઈવર મેહુલભાઈ વાળાને સોશિયલ મીડિયા પર ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પી





Harsh Sanghavi
@sanghaviharsh

Show translation

એસ.ટી.ના કર્મનિષ્ઠ કર્મચારીને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ 🙏

સાવરકુંડલા એસ.ટી. ડેપોના કર્મનિષ્ઠ ડ્રાઈવર મેહુલભાઈ વાળાના માર્ગ અકસ્માતમાં નિધનના સમાચારથી વ્યગ્ર છું. પોતાની બસને સ્વખર્ચે સુંદર રીતે સજાવી ફરજ પ્રત્યેનો અનોખો લગાવ દર્શાવનાર એસ. ટી. પરિવારના આ કર્મચારીની આત્માને પ્રભુ શાંતિ અર્પે તેવી પ્રાર્થના સહ પરિવારજનોને સાંત્વના પાઠવું છું.

સાવરકુંડલા એસ.ટી. ડેપોમાં ફરજ બજાવતા કર્મનિષ્ઠ અને સેવાભાવી ડ્રાઈવર મેહુલભાઈ વાળાનું માર્ગ અકસ્માતમાં દુઃખદ નિધન થતાં એસ.ટી. પરિવાર સહિત સમગ્ર પંથકમાં શોકની લાગણી પ્રસરી છે. તેમના નિધનના સમાચારથી ગુજરાતના નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી પણ વ્યથિત થયા હતા અને તેમણે પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર એક ભાવપૂર્ણ પોસ્ટ શેર કરીને દિવંગત મેહુલભાઈને શ્રદ્ધાંજલિ અર્પી હતી.નાયબ મુખ્યમંત્રીશ્રીએ પોતાની પોસ્ટમાં મેહુલભાઈના ફરજ પ્રત્યેના અનોખા લગાવને યાદ કરતાં જણાવ્યું હતું કે, તેઓ પોતાની એસ.ટી. બસને સ્વખર્ચે સુંદર રીતે સજાવતા હતા. બસ પ્રત્યેનો તેમનો પ્રેમ, ફરજ પ્રત્યેની નિષ્ઠા અને કામ પ્રત્યેનો સમર્પણભાવ ખરેખર પ્રશંસનીય હતો. એક કર્મચારી તરીકેની તેમની આગવી ઓળખ અને એસ.ટી. પરિવાર પ્રત્યેની લાગણીને યાદ કરીને તેમણે દિવંગત આત્માને પ્રભુ શાંતિ અર્પે તથા પરિવારજનોને આ દુઃખ સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના સાથે સાંત્વના પાઠવી હતી.

કે.ડી NEWS

તારીખ : 23/11/2026

સાવરકુંડલાના રાષ્ટ્રપ્રેમી યુવાનોએ અટારી-વાઘા બોર્ડર પર BSFના જવાનોનો જુસ્સો વધાર્યો

નિવૃત્ત BSF જવાન અતુલભાઈ જાની અને પત્રકાર અમિતગીરી ગોસ્વામીએ ભારતની સરહદની મુલાકાત લઈ દેશના રક્ષકોને સેલ્યુટ કરી



સાવરકુંડલા તાલુકાના રાષ્ટ્રપ્રેમી અને સેવાભાવી યુવાનો દ્વારા દેશની સુરક્ષા કાજે દિવસ રાત સરહદ પર ફરજ બજાવતા જવાનો પ્રત્યે સન્માન અને કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી. સાવરકુંડલાના નિવૃત્ત BSF જવાન અતુલભાઈ જાની અને પત્રકાર અમિતગીરી ગોસ્વામીએ ભારત પાકિસ્તાનની આંતરરાષ્ટ્રીય સરહદ પર આવેલી ઐતિહાસિક અટારી-વાઘા બોર્ડરની મુલાકાત લઈને દેશની રક્ષા કરતા બોર્ડર સિક્યુરિટી ફોર્સ (BSF)ના જવાનોને સેલ્યુટ કરી તેમનો ઉત્સાહ વધાર્યો હતો. પંજાબ રાજ્યના અમૃતસર નજીક આવેલી અટારી-વાઘા બોર્ડર ભારત અને પાકિસ્તાન વચ્ચેની આંતરરાષ્ટ્રીય સરહદ પર દરરોજ યોજાતી પ્રસિદ્ધ બીટિંગ રિટ્રીટ, સેરેમનીમાં ભારતીય B S F અને પાકિસ્તાન રેન્જર્સના જવાનો દ્વારા શિસ્તબદ્ધ પરેડ અને ધ્વજ ઉતારવાની ઔપચારિક પ્રક્રિયા કરવામાં આવે છે. આ કાર્યક્રમ નિહાળવા દેશભરમાંથી મોટી સંખ્યામાં દેશપ્રેમીઓ અને પ્રવાસીઓ ઉમટે છે. ભારતીય તિરંગાની આન, બાન અને શાન સાથે ગુંજતા 'ભારત માતા કી જય' અને 'વંદે માતરમ'ના નારાઓથી સમગ્ર વાતાવરણ દેશભક્તિમય બની જાય છે. મુલાકાત દરમિયાન 22 વર્ષ સુધી BSFમાં રહીને દેશની વિવિધ સરહદો પર ફરજ બજાવી ચૂકેલા નિવૃત્ત B S F હેડ કોન્સ્ટેબલ અતુલભાઈ જાની અને સેવાભાવી યુવાન તથા પત્રકાર અમિતગીરી ગોસ્વામીએ અટારી બોર્ડર ખાતે સેકન્ડ-ઈન-કમાન્ડ ગુરદીપસિંઘ તેમજ રિટ્રીટ પરેડ કમાન્ડર સાથે મુલાકાત કરી હતી. આ દરમિયાન સરહદની સુરક્ષા, જવાનોની ફરજ અને દેશની રક્ષા માટે તેમના સમર્પણ અંગે લાગણીસભર સંવાદ પણ કર્યો હતો. નિવૃત્તિ બાદ પણ અતુલભાઈ જાનીનો દેશપ્રેમ અને સરહદના જવાનો પ્રત્યેનો લગાવ આજે પણ એટલો જ જીવંત જોવા મળ્યો હતો. સાવરકુંડલાના આ બંને યુવાનોની અટારી-વાઘા બોર્ડરની મુલાકાત માત્ર પ્રવાસ પૂરતી સીમિત ન રહેતાં દેશની સુરક્ષા કરતા જવાનો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાની અને યુવાનોમાં રાષ્ટ્રપ્રેમની ભાવના પ્રબળ બનાવવાની પ્રેરણારૂપ બની હતી.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 23/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

ડબલ ધમાકા કાર ઓફર-૨૦૨૭

ઘર આંગણાની ઓફરની
૨૪ મી વર્ષગાંઠ માનવંતા ગ્રાહકમિત્રોના
અદ્વિતિય વિશ્વાસની ઉજવણીનો
ઠાઠ બની રહેશે !







જે ખરીદશે ડાયમંડ, ગોલ્ડ, સીલ્વર, પ્લેટીનમ આભુષણો તે થશે માલામાલ

કોન બનેગા માલામાલ-૨૦૨૭ ?

પ્રથમ ઈનામ
NISSAN CAR-1
GRAVITE (VISIA MT)
7 SETAR



દ્વિતીય ઈનામ
ALTO (K10)-1
STD (PETROL MT)



તૃતીય ઈનામ
HONDA ACTIVA
(STD)-1



ચોથુ ઈનામ
TVS SPORT BIKE
(BS-VI)



પાંચમું ઈનામ
TUNWAL E-BIKE-1
(MINI LITHINO)



છઠ્ઠુ ઈનામ
TIGER
E-BIKE-1 STD



સાતમુ ઈનામ
WHIRPOOL
192 L 4 STAR
215 IMPC



આઠમુ ઈનામ
SAMSUNG-80 CM
HD LED TV 32 INCH



નવમુ ઈનામ
WHIRPOOL
7KG MAGIC CLEAN



તા. ૧૬-૦૭-૨૦૨૬ થી તા. ૩૧-૧૨-૨૦૨૬ સુધી માન્ય...

કુલ ઈનામો ૫૫૧

₹ ૭૫૦૦ 'ફ્રી'
ખરીદી પર એક માલામાલ કુપન

સોનિક® જવેલર્સ લી.

હવેલી શેરી, સાવરકુંડલા. ફોન : ૨૨૩૨૯૦, મો. ૬૩૫૪૧ ૦૯૪૦૮

કે.કે. NEWS

તારીખ : 23/11/2026

અમરેલીમાં શિયાળાની આકરી ઠંડીનો પ્રારંભ; વહેલી સવારે 12.8 ડિગ્રી તાપમાનથી જનજીવન ઠંડીમાં ઠુંઠવાયું



અમરેલી પંથકમાં શિયાળાની શરૂઆત સાથે જ ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. છેલ્લા ચાર-પાંચ દિવસથી વાતાવરણમાં હળવી હુંફ અનુભવાતી હતી, પરંતુ હવે અચાનક ઠંડીએ પોતાનું જોર બતાવવાનું શરૂ કર્યું છે. 21 નવેમ્બર 2026 શનિવારે 11.4 ડિગ્રી ન્યૂનતમ તાપમાન સાથે અમરેલી શહેર રાજ્યનું સૌથી ઠંડું શહેર બન્યું હતું, જ્યારે 22 નવેમ્બર 2026 રવિવારે પણ ઠંડીનો માહોલ યથાવત્ રહ્યો હતો. વહેલી સવારે શહેરનું ન્યૂનતમ તાપમાન 12.8 ડિગ્રી નોંધાતા ઠંડા પવન અને ઠંડકના કારણે લોકો ઠંડીથી ઠુંઠવાયા હતા.અમરેલી જિલ્લામાં દર વર્ષે શિયાળાની ઋતુ દરમિયાન ઠંડીનો વિશેષ પ્રભાવ જોવા મળતો હોય છે. ચાલુ વર્ષે પણ શિયાળાની શરૂઆતમાં જ ઠંડીના મિજાજે લોકોને તેનો અહેસાસ કરાવી દીધો છે. શુક્રવાર સુધી વાતાવરણ પ્રમાણમાં હુંફાળું રહેતા લોકોને ઠંડીની ખાસ અસર અનુભવાતી નહોતી, પરંતુ શનિવારથી તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થતાં શિયાળાની પ્રથમ આકરી ઠંડીનો અનુભવ થયો હતો. શનિવારે અમરેલી શહેરમાં 11.4 ડિગ્રી તાપમાન નોંધાયું હતું, જેના કારણે સમગ્ર રાજ્યમાં સૌથી ઠંડા શહેર તરીકે અમરેલી નોંધાયું હતું.22 નવેમ્બર 2026 રવિવારે પણ ઠંડીનું મોજું યથાવત્ રહ્યું હતું. વહેલી સવારે 12.8 ડિગ્રી ન્યૂનતમ તાપમાન નોંધાતા સવારના સમયે ઠંડીનો ચમકારો અનુભવાયો હતો. ખાસ કરીને વહેલી સવારે બહાર નીકળતા લોકો, વાહનચાલકો અને રોજિંદા કામકાજ માટે જતા નાગરિકોને ઠંડીનો સામનો કરવો પડ્યો હતો. શિયાળાની શરૂઆતમાં જ ઠંડીના વધતા પ્રભાવને પગલે લોકો ગરમ કપડાંનો સહારો લેતા જોવા મળ્યા હતા.જોકે, અમરેલી શહેરમાં દિવસ દરમિયાન તાપમાનમાં વધારો થવાને કારણે બપોરના સમયે વાતાવરણમાં થોડો ફેરફાર જોવા મળ્યો હતો. આજે શહેરનું મહત્તમ તાપમાન 32.7 ડિગ્રી નોંધાયું હતું, જેના કારણે બપોરના સમયે હળવી ગરમીનો અનુભવ થયો હતો. આમ, વહેલી સવારે ઠંડી અને બપોરે હળવી ગરમી એમ દિવસ દરમિયાન તાપમાનમાં નોંધપાત્ર તફાવત જોવા મળ્યો હતો. શહેરમાં હવામાં ભેજનું પ્રમાણ 45 ટકા નોંધાયું હતું.હવામાનની સ્થિતિ મુજબ અમરેલી પંથકમાં ઠંડીનું આ મોજું આગામી એકથી બે દિવસ સુધી યથાવત્ રહેવાની શક્યતા છે. ત્યારબાદ તાપમાનમાં આંશિક વધારો થતાં ઠંડીના પ્રભાવમાં થોડો ઘટાડો થઈ શકે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.

KD NEWS
SAVARKUNDLA

તમારા વિસ્તારના સમાચાર
હવે KD News સુધી પહોંચાડો!

તમારા આસપાસ બનતી કોઈ **મહત્વપૂર્ણ ઘટના** હોય,
સામાજિક કે ધાર્મિક **કાર્યક્રમ** હોય, **સેવાકીય પ્રવૃત્તિ** હોય,
જાહેર સમસ્યા હોય કે કોઈ **વિશેષ સિદ્ધિ**ની વાત હોય...









ફોટો | વીડિયો | જરૂરી માહિતી

સાથે અમને મોકલો.

તમારો અવાજ બનશે KD News!

તમારા વિસ્તારની દરેક નાની-મોટી ખબર
લોકો સુધી પહોંચાડવા માટે આજે જ અમારો સંપર્ક કરો.

WhatsApp કરો
9499797973



KD News – તમારા વિસ્તારનો વિશ્વાસુ સમાચાર સાથી.

તારીખ : 23/11/2026

સાવરકુંડલા-લીલીયા મતવિસ્તારને ૩. ૯.૩૭ કરોડના વિકાસકાર્યોની ભવ્ય ભેટ: ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના હસ્તે વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામા આવ્યુ

ગ્રામ્ય માર્ગોના નવીનીકરણ, સીસી રોડ, પ્રોટેક્શન વોલ, સુવિધા પથ સહિતના વિકાસકાર્યોથી ગામડાંઓમાં માળખાકીય સુવિધાઓને મળશે નવી ગતિ



સાવરકુંડલા-લીલીયા વિધાનસભા મતવિસ્તારમાં ગ્રામ્ય વિસ્તારોના સર્વાંગી વિકાસને વેગ આપવા તથા નાગરિકોને વધુ સારી માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાના હેતુથી ૩. ૯.૩૭ કરોડના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. સાવરકુંડલા-લીલીયા વિસ્તારના લોકપ્રિય ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલાના હસ્તે વિવિધ ગામોમાં વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવતાં ગ્રામજનોમાં આનંદની લાગણી પ્રસરી હતી.આ પ્રસંગે ગ્રામ્ય વિસ્તારોમાં માર્ગ સુવિધા, વાહનવ્યવહારની સરળતા, વરસાદી પાણીના નિકાલ અને માર્ગ સલામતીને ધ્યાનમાં રાખીને વિવિધ વિકાસકાર્યો હાથ ધરવામાં આવ્યા છે.વંડા-મેકડા રોડ પર રીસરફેસિંગ, પ્રોટેક્શન વોલ તેમજ સીસી રોડના નિર્માણ માટે ૩. ૨.૨૫ કરોડના વિકાસકાર્યનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ કામ પૂર્ણ થતાં માર્ગની સ્થિતિમાં સુધારો થશે અને વાહનચાલકોને વધુ સુગમ તથા સુરક્ષિત અવરજવરનો લાભ મળશે.,મેકડા-ઈંગોરાળા રોડ પર મેકડા ગામ ખાતે ૩.૭૫ મીટરની પહોળાઈ ધરાવતા સીસી રોડના ૩. ૧.૫૦ કરોડના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત મેકડા-આંકોલડા માર્ગના રીસરફેસિંગ અંતર્ગત આંકોલડા ગામે સીસી રોડ અને પ્રોટેક્શન વોલના ૩. ૧.૫૦ કરોડના કામનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.તે ઉપરાંત મેકડા-શેલાણા કાચા રસ્તા પર સ્લેબ, પ્રોટેક્શન વોલ અને સીસી રોડના ૩. ૬૫ લાખના ખર્ચે પૂર્ણ થયેલા વિકાસકાર્યનું





લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ કામથી સ્થાનિક ગ્રામજનોને અવરજવરમાં સરળતા મળશે તેમજ વરસાદી ઋતુ દરમિયાન પણ માર્ગનો ઉપયોગ વધુ સુગમ બનશે. **મેકડા ગામે સરદાર સાહેબની પ્રતિમાનું અનાવરણ અને બસ સ્ટેન્ડનું લોકાર્પણ**

મેકડા ગામ ખાતે રાષ્ટ્રના એકતાના પ્રતિક અને લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું. આ સાથે રૂ. ૫ લાખના ખર્ચે નિર્માણ પામેલા નવા બસ સ્ટેન્ડનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ સુવિધાથી ગામના નાગરિકો અને મુસાફરોને વધુ સારી જાહેર પરિવહન સુવિધા ઉપલબ્ધ બનશે.ફાચરિયા ગામે રૂ. ૬૦ લાખના ખર્ચે નિર્માણ પામેલા સુવિધા પથનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત વંડા-ફાચરિયા-ખાલપર માર્ગના રૂ. ૨ કરોડના રીસરફેસિંગ કામનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ માર્ગના નવીનીકરણથી આસપાસનાં ગામોના નાગરિકો, ખેડૂતો તેમજ વાહનચાલકોને અવરજવરમાં મોટી રાહત મળશે.ફાચરિયા ગામ ખાતે રૂ. ૧૨ લાખના ખર્ચે હાથ ધરાનાર વિવિધ વિકાસકાર્યોનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ વિકાસકાર્યો ગામની પાયાની સુવિધાઓને વધુ મજબૂત બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ સાબિત થશે.આંકોલડા એપ્રોચ રોડ પર રીસરફેસિંગ અને





સીસી રોડનાં કામોનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેના પરિણામે ગામ સુધી પહોંચતા માર્ગની સુવિધામાં સુધારો થશે અને સ્થાનિક લોકોને દૈનિક અવરજવરમાં સરળતા રહેશે.

આમ, સાવરકુંડલા-લીલીયા વિધાનસભા મતવિસ્તારમાં રૂ. ૯.૩૭ કરોડના વિવિધ વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત થકી ગ્રામ્ય વિસ્તારોના વિકાસને નવી દિશા અને ગતિ મળી રહી છે. ખાસ કરીને રસ્તાઓના નવીનીકરણ, સીસી રોડ, પ્રોટેક્શન વોલ, સ્લેબ, સુવિધા પથ અને જાહેર પરિવહનની સુવિધાઓના વિકાસથી ગ્રામ્ય જનજીવન વધુ સરળ બનશે.ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલાના માર્ગદર્શન અને સતત પ્રયત્નોથી મતવિસ્તારના ગામડાંઓમાં પાયાની સુવિધાઓનો વ્યાપ વધે અને વિકાસનાં કામો છેવાડાના માનવી સુધી પહોંચે તે દિશામાં સતત કામગીરી કરવામાં આવી રહી છે. **વિકાસ એ જ સંકલ્પ અને જનસુવિધા એ જ પ્રાથમિકતા** ના ધ્યેય સાથે સાવરકુંડલા-લીલીયા મતવિસ્તારને વધુ સુવિધાસભર અને વિકાસશીલ બનાવવાની દિશામાં આ વિકાસકાર્યો એક મહત્વપૂર્ણ પગલું સાબિત થશે. આ તકે શ્રી પ્રકાશભાઈ પાનસુરીપા ચેરમેન શ્રી જાહેર બાંધકામ સમીતી અમરેલી જીલ્લા પંચાયત, રજનીભાઈ ડોબરીયા પ્રમુખશ્રી તાલુકા ભાજપ, મહામંત્રીશ્રીઓ શ્રી દીપકભાઈ માલાણી ચેરમેન માર્કેટીંગ યાર્ડ, વાઈસ ચેરમેન શ્રી મહેશભાઈ લાખાણી, સાવરકુંડલા સહીત તાલુકા , જીલ્લા પંચાયત તેમજ તાલુકા પંચાયત, સદસ્યશ્રીઓ , હોદ્દેદારશ્રીઓ ઉપસ્થિત રહા

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 23/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...





Organised by:
HEADWAY BUSINESS SOLUTIONS LLP
Solution@100%

www.headway.guru
908 124 1916

"SUVARNA SAUBHAGYA UTSAV – SAMRUDDHI MAHOTSAV"®

SUVARNA SAUBHAGYA UTSAV











અરે... વાહ...

૯,૯૯૯ સુધી

કરોડોની કિંમતના ઈનામો!

હા, સાચું વાંચ્યું.

તે પણ માત્ર ₹ ૧૦,૦૦૦ ના ઘરેણાંની ખરીદી કે એક્સચેન્જ પર*

તો રાહ કોની જુવો છો, ઘરેણાં સાથે ચમકાવો નસીબ

ઓફરઃ ૧૫ ઓગસ્ટ ૨૦૨૬ થી ૨૫ ડિસેમ્બર ૨૦૨૬ સુધી જ લાગુ.

*શરતો લાગુ

GJ શ્રી ગોકુલ જ્વેલર્સ

હવેલી શેરી, સાવરકુંડલા. 222195 95373 12695









કે.ડી NEWS

તારીખ : 23/11/2026

સાવરકુંડલા તાલુકાના ગાધકડા, શેલણા અને મોટા ઝીંઝુડા ગામે ઠુમ્મર, દેવાણી અને દુધાત પરિવાર દ્વારા ભવ્ય અને દિવ્ય તુલસી વિવાહ મહોત્સવનું આયોજન

સાવરકુંડલા તાલુકાના ગાધકડા, શેલણા તેમજ મોટા ઝીંઝુડા ગામે ઠુમ્મર પરિવાર, દેવાણી પરિવાર અને દુધાત પરિવારના આંગણે પવિત્ર તુલસી વિવાહ મહોત્સવનું ભવ્ય અને દિવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. હિન્દુ ધર્મની પવિત્ર પરંપરા અને ધાર્મિક આસ્થાના પ્રતીક સમાન તુલસી વિવાહના આ માંગલિક પ્રસંગે સમગ્ર વાતાવરણ ભક્તિમય અને ઉત્સવમય બન્યું હતું.આ ત્રણેય ગામોમાં યોજાયેલા તુલસી વિવાહના પાવન પ્રસંગે સાવરકુંડલા-લીલીયા વિસ્તારના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે સામાજિક આગેવાનો, ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ, ધાર્મિક આગેવાનો તેમજ ગ્રામજનો અને ભાવિક ભક્તોએ ઉપસ્થિત રહી ભગવાન શ્રી વિષ્ણુ અને માતા તુલસીના ચરણોમાં શીશ ઝુકાવી ધન્યતા અનુભવી હતી.આ પ્રસંગે ધારાસભ્યશ્રીએ ઠુમ્મર પરિવાર, દેવાણી પરિવાર અને દુધાત પરિવારના સભ્યો સાથે આત્મીય મુલાકાત કરી તુલસી વિવાહની શુભેચ્છાઓ પાઠવી હતી તેમજ સૌના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને સુખાકારી જળવાઈ રહે તેવી મંગલકામનાઓ વ્યક્ત કરી હતી.ભારતીય સંસ્કૃતિમાં તુલસી વિવાહનું વિશેષ ધાર્મિક અને આધ્યાત્મિક મહત્ત્વ રહેલું છે. આવા ધાર્મિક આયોજનો દ્વારા આપણી સંસ્કૃતિ, પરંપરા, સંસ્કાર અને સામાજિક એકતાની ભાવના વધુ મજબૂત બને છે. ત્રણેય ગામોમાં પરિવારજનો અને ગ્રામજનોના સહયોગથી યોજાયેલા આ ભવ્ય ધાર્મિક મહોત્સવમાં ભક્તિ, શ્રદ્ધા અને ઉત્સાહનો સુંદર સમન્વય જોવા મળ્યો હતો.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 23/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

શ્રી કૃષ્ણકુમારસિંહજી વ્યાયામ મંદીર સંચાલિત

શ્રી એમ.એલ.શેઠ ઇંગ્લીશ મીડીયમ સ્કુલ

મહુવારોડ, વ્યાયામ મંદીર કેમ્પસ, સાવરકુંડલા. મો. 9054412212

જોઇએ છે

અમારી પ્રતિષ્ઠિત શાળામાં નીચે મુજબના વિષય માટે યોગ્ય અનુભવી અને સ્નાતક શિક્ષકોની જરૂર છે...

:: વિષય ::

કોમ્પ્યુટર * અંગ્રેજી * ગણિત * વિજ્ઞાન

તેમજ એડમીન સ્ટાફ

લાયકાત : P.T.C, M.Com, M.A., B.Ed

યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોએ પોતાના બાયોડેટા શૈક્ષણિક પ્રમાણપત્રોની નકલ સાથે અરજી સાથેઆ ઓપન ઈન્ટરવ્યુમાં રૂબરૂ સ્કુલ ઉપર

સોમવાર/મંગળવાર માં તમામ ડોક્યુમેન્ટસ સાથે સવારે 9:00 થી 12:00 હાજર રહેવું..

કે.કે NEWS

તારીખ : 23/11/2026

10 મિનિટમાં શેરબજારનો રંગ બદલાયો! તેજી બાદ સેન્સેક્સમાં 1,400થી વધુ પોઈન્ટની ઊથલપાથલ, નિફ્ટીમાં પણ મોટો ઘટાડો



ભારતીય શેરબજારમાં સોમવાર, 23 નવેમ્બર 2026ના રોજ ભારે ઉતાર-ચઢાવ જોવા મળ્યો હતો. દિવસની શરૂઆતમાં જોરદાર તેજી સાથે ખુલેલા શેરબજારમાં ગણતરીની મિનિટોમાં જ વેચવાલીનું દબાણ વધતાં બજારનો માહોલ બદલાઈ ગયો હતો. રોકાણકારો માટે સવારનો સમય ભારે અસ્થિરતાભર્યો રહ્યો હતો.સોમવારે સવારે BSE સેન્સેક્સ 502 પોઈન્ટના ઉછાળા સાથે 84,421.97ના સ્તરે ખુલ્યો હતો. ત્યારબાદ તેમાં વધુ તેજી જોવા મળી અને સેન્સેક્સ 84,662.96ની ઊંચી સપાટીએ પહોંચ્યો હતો. જોકે, આ તેજી લાંબો સમય ટકી શકી નહોતી. ઊંચા સ્તરે રોકાણકારો દ્વારા નફો બુક કરવાની શરૂઆત થતાં બજારમાં વેચવાલીનો દોર શરૂ થયો હતો. પરિણામે સેન્સેક્સ દિવસની ઊંચી સપાટીથી 1,274 પોઈન્ટ જેટલો ગગડીને 83,389.12ની નીચી સપાટીએ પહોંચ્યો હતો.બીજી તરફ, નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી-50 પણ શરૂઆતમાં 25,992.60ની સપાટીએ પહોંચ્યો હતો, પરંતુ ત્યારબાદ તેમાં પણ ઘટાડો નોંધાયો હતો અને તે 25,567.30 સુધી સરકી ગયો હતો.બજારમાં ઘટાડાનાં મુખ્ય કારણોશેરબજારના આ અચાનક પલટા પાછળ અનેક કારણો જવાબદાર માનવામાં આવી રહ્યાં છે. જેમાં છેલ્લા ચાર સપ્તાહથી ચાલી રહેલી તેજી બાદ રોકાણકારો દ્વારા નફો બુક કરવો, બેન્કિંગ અને મેટલ ક્ષેત્રના શેરોમાં ભારે વેચવાલી તથા આંતરરાષ્ટ્રીય બજારોમાંથી મળેલા નબળા સંકેતો મુખ્ય રહ્યાં હતાં.અમેરિકાના બજારમાં અગાઉના ટ્રેડિંગ સત્ર દરમિયાન Nasdaq Compositeમાં 5.28 ટકા, S&P 500માં 3.7 ટકા અને Dow Jonesમાં 1.93 ટકાનો ઘટાડો નોંધાયો હતો. તેની અસર એશિયાઈ બજારો પર પણ જોવા મળી હતી. દક્ષિણ કોરિયાના Kospi સહિતના બજારોમાં પણ નબળાઈ રહી હતી.ભારતીય બજારમાં ટાટા સ્ટીલ, એક્સિસ બેંક સહિતના શેરોમાં વેચવાલી જોવા મળી હતી. બીજી તરફ I T ક્ષેત્રના કેટલાક શેરોએ બજારને ટેકો આપવાનો પ્રયાસ કર્યો હતો.રોકાણકારોમાં વધતી સાવચેતીબજારની આ અસ્થિરતા વચ્ચે નિષ્ણાતોનું માનવું છે કે વૈશ્વિક પરિસ્થિતિ, નફો બુક કરવાની પ્રવૃત્તિ અને બજારમાં વધેલી વોલેટિલિટીને કારણે આગામી દિવસોમાં પણ ઉતાર-ચઢાવ જોવા મળી શકે છે. રોકાણકારોએ ઉતાવળમાં નિર્ણય લેવાને બદલે બજારની સ્થિતિ અને પોતાની જોખમ લેવાની ક્ષમતાને ધ્યાનમાં રાખવી જરૂરી છે.એકંદરે, સવારના તેજીમય માહોલ બાદ શેરબજારમાં જોવા મળેલી આ ઝડપી પીછેહઠે ફરી એકવાર સાબિત કર્યું છે કે શેરબજારમાં તેજી અને મંદી વચ્ચેનો તફાવત ઘણીવાર ગણતરીની મિનિટોમાં જ બદલાઈ શકે છે.

તારીખ : 23/11/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

SINCE 1923 NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

કારીગર જોઈએ છે....

કારખાના ના સ્ટ્રકચર માટેના વેલ્ડીંગ કરી શકે તેવા કારીગરની જરૂર છે..

સંપર્ક :- પી.પી. ઇન્ડસ્ટ્રીઝ,

રાજેશ ટ્રેલરની પાછળ, અમરેલી રોડ,
ગેઇટ પછી, સાવરકુંડલા
મો. 9879572055 / 9714429945

તારીખ : 23/11/2026

ગુજરાતી સાહિત્ય જગતમાં શોકની લહેર, જાણીતા કવિ અને ગઝલકાર રાજેન્દ્ર શુક્લનું નિધન

ગુજરાતી સાહિત્યના સુપ્રસિદ્ધ કવિ, ગઝલકાર અને વિવેચક રાજેન્દ્ર શુક્લના નિધનથી ગુજરાતી સાહિત્ય જગતમાં શોકની લાગણી વ્યાપી છે. 84 વર્ષની વયે અમદાવાદ ખાતે તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. તેમની વિદાયથી ગુજરાતી કવિતા અને ગઝલના ક્ષેત્રે એક અદ્વિતીય સર્જકની ખોટ પડી છે.રાજેન્દ્ર અનંતરાય શુક્લનો જન્મ 12 ઓક્ટોબર, 1942ના રોજ જૂનાગઢ જિલ્લાના બાંટવા ગામે થયો હતો. સંસ્કૃત અને પ્રાકૃત ભાષાના ઊંડા અભ્યાસ સાથે ભારતીય દર્શન, આધ્યાત્મિકતા અને સંગીતની સમજ ધરાવતા રાજેન્દ્ર શુક્લએ ગુજરાતી કવિતા અને ગઝલને એક વિશિષ્ટ ઊંચાઈ આપી હતી. તેમની રચનાઓમાં શબ્દોની સુંદરતા સાથે જીવનદર્શન, આત્મચિંતન અને આધ્યાત્મિક અનુભૂતિનો અદભૂત સમન્વય જોવા મળતો હતો.'કોમલ રિષભ', 'અંતર ગાંધાર', 'સ્વવાચકની શોધ' અને પાંચ ભાગમાં પ્રકાશિત થયેલી 'ગઝલસંહિતા' જેવી તેમની સાહિત્યિક કૃતિઓ ગુજરાતી સાહિત્યની અમૂલ્ય ધરોહર બની રહી છે. ગઝલના પરંપરાગત સ્વરૂપમાં આધ્યાત્મિક ઊંડાણ, સંસ્કૃત ભાષાની સમૃદ્ધિ અને સૌરાષ્ટ્રની તળપદી મીઠાશનો અનોખો સમન્વય તેમણે પોતાની સર્જનશૈલીમાં કર્યો હતો.સાહિત્યક્ષેત્રે તેમના અવિસ્મરણીય પ્રદાન બદલ તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક, નરસિંહ મહેતા એવોર્ડ, સાહિત્ય અકાદમી પુરસ્કાર, નર્મદ સુવર્ણચંદ્રક સહિત અનેક પ્રતિષ્ઠિત સન્માનોથી નવાજવામાં આવ્યા હતા.રાજેન્દ્ર શુક્લ માત્ર કવિ કે ગઝલકાર નહોતા, પરંતુ શબ્દને સાધના અને કવિતાને આત્માની અભિવ્યક્તિ માનનાર એક ઋષિતુલ્ય સર્જક હતા. તેમની કલમ ગુજરાતી ભાષાના ભાવવિશ્વને વધુ સમૃદ્ધ બનાવી ગઈ છે. તેમનું ભૌતિક અસ્તિત્વ ભલે આજે આપણી વચ્ચે નથી, પરંતુ તેમની કવિતાઓ, ગઝલો અને શબ્દસાધના સાહિત્યપ્રેમીઓના હૃદયમાં સદાય જીવંત રહેશે.ગુજરાતી સાહિત્યના આ અણમોલ સર્જકને ભાવભીની શ્રદ્ધાંજલિ. તેમના પરિવારજનો, સાહિત્યપ્રેમીઓ અને સમગ્ર ગુજરાતી સાહિત્ય જગતને આ દુઃખ સહન કરવાની શક્તિ મળે તેવી પ્રાર્થના કરવામાં આવી રહી છે.



કવિ રાજેન્દ્ર શુક્લની એક યાદગાર પંક્તિ "આવ્યાં કલાની જેમ અને ઓસરી ગયાં..."

— કવિ રાજેન્દ્ર શુક્લઆ

પંક્તિઓ જાણે તેમના જીવન અને સર્જનયાત્રાને જ વ્યક્ત કરે છે. કવિ વિદાય લે છે, પરંતુ તેમની કલાના અજવાળાં ક્યારેય ઓસરતાં નથી.

કે.કે. NEWS

તારીખ : 23/11/2026

“યંગેસ્ટ ચાઈલ્ડ ટુ રિસાઈટ ધ કંપ્લીટ શિક્ષાપત્રી ઈન સંસ્કૃત ફ્રોમ મેમરી” વર્લ્ડ રેકોર્ડનું ટાઈટલ મેળવનાર હર્ષ ઠક્કર



મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના બાળભક્ત, હર્ષ કેયુર ઠક્કરે અમદાવાદમાં વિશ્વ વિક્રમ સ્થાપ્યો. માનસિક સ્મરણશક્તિ, ભાષાકીય ચોકસાઈ અને આધ્યાત્મિક એકાગ્રતાના અદભૂત પ્રદર્શન દ્વારા, ભારતનાં ગુજરાત રાજ્યના અમદાવાદના એક તેજસ્વી બાળકે બાળપણની સ્મરણશક્તિ-સંબંધિત સિદ્ધિઓના નવા માપદંડો સ્થાપિત કર્યા છે. ૫ જૂન, ૨૦૨૬ના રોજ, હર્ષ કેયુર ઠક્કરે સંસ્કૃતમાં સંપૂર્ણ 'શિક્ષાપત્રી'નું મુખપાઠ દ્વારા પઠન કરનાર સૌથી નાની વયના બાળક તરીકેનો વિશ્વ વિક્રમ સત્તાવાર રીતે હાંસલ કરીને “યંગેસ્ટ ચાઈલ્ડ ટુ રિસાઈટ ધ કંપ્લીટ શિક્ષાપત્રી ઈન સંસ્કૃત ફ્રોમ મેમરી” વર્લ્ડ રેકોર્ડનું ટાઈટલ પ્રાપ્ત કર્યું છે. માત્ર ૫ વર્ષ, ૩ મહિના અને ૧૮ દિવસની નાની વયે, હર્ષે એક એવી સિદ્ધિ હાંસલ કરી છે. ૨૨૪ જટિલ સંસ્કૃત શ્લોકો ધરાવતી સંપૂર્ણ 'શિક્ષાપત્રી'નું સંપૂર્ણપણે મુખપાઠ દ્વારા ઉચ્ચારણ કર્યું. તેણે આ જટિલ પઠન માત્ર ૪૮ મિનિટ અને ૫૧ સેકન્ડમાં પૂર્ણ કર્યું અને 'વર્લ્ડવાઈડ બુક ઓફ રેકોર્ડ્સ' તરફથી પ્રતિષ્ઠિત વૈશ્વિક માન્યતા પ્રાપ્ત કરી."પાંચ વર્ષના બાળકને લગભગ પચાસ મિનિટ સુધી સુંદર ઉચ્ચારણ અને સ્થિર લય સાથે, સંપૂર્ણપણે સ્મૃતિના આધારે ૨૨૪ અત્યંત જટિલ સંસ્કૃત શ્લોકોનું પઠન કરતા જોવા એ અત્યંત હૃદયસ્પર્શી અનુભવ છે. હર્ષ કેયુર ઠક્કર ને ખુબ ખુબ અભિનંદન

તારીખ : 23/11/2026

પ્રાકૃતિક ખેતી : સ્વસ્થ જમીનથી સ્વસ્થ સમાજ અને ટકાઉ ભવિષ્ય તરફની દિશા- કુલપતિશ્રી, ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, હાલોલ

હડાળા ગામ ખાતે ખેડૂતોને દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી, મિશ્ર પાક પદ્ધતિ, અને પ્રાકૃતિક પેદાશોનું વેચાણ અંગે નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન

બગસરા તાલુકાના હડાળા ગામ ખાતે ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, હાલોલના કુલપતિશ્રી પ્રો. (ડૉ.) સી. કે. ટીંબડિયાના માર્ગદર્શન હેઠળ કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, અમરેલી દ્વારા પ્રાકૃતિક ખેતીના પ્રચાર-પ્રસાર અને ખેડૂતોમાં જાગૃતિ લાવવાના હેતુસર હડાળા ગામ ખાતે પ્રાકૃતિક ખેતી વિષયક તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં હડાળા તેમજ આસપાસના વિસ્તારોના ૫૦ થી વધુ ખેડૂતો ઉત્સાહભેર જોડાયા હતા. કાર્યક્રમની શરૂઆત યુનિવર્સિટીના મુખ્ય અતિથિઓનું સ્વાગતથી કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી (G N F S U), હાલોલના માનનીય કુલપતિશ્રી ડૉ. સી. કે. ટીંબડિયાએ ખેડૂતોને સંબોધતા પ્રાકૃતિક ખેતીનું તત્વજ્ઞાન અને તેના વૈજ્ઞાનિક આધાર વિશે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. તેમણે પ્રાકૃતિક ખેતી શું છે, વર્તમાન સમયમાં તેની જરૂરિયાત શા માટે વધી રહી છે તથા રાસાયણિક ખેતી, સેન્દ્રિય ખેતી અને પ્રાકૃતિક ખેતી વચ્ચેના મૂળભૂત તફાવતો અંગે માહિતી આપી હતી. તેમણે જીવામૃત અને બીજામૃતના ઉપયોગથી જમીનમાં સૂક્ષ્મજીવોની સંખ્યા વધે છે, જમીનની જૈવિક સક્રિયતા સુધરે છે અને પાકને પોષણ ઉપલબ્ધ થાય છે તે અંગે સમજણ આપી હતી. ઉપરાંત પ્રાકૃતિક ખેતીમાં મિશ્ર પાક પદ્ધતિનું મહત્વ, જીવાત અને રોગ નિયંત્રણમાં તેની ભૂમિકા તેમજ ખેડૂતોની આવકમાં સ્થિરતા લાવવામાં તેના ફાયદાઓ અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે દેશી ગાય આધારિત કુદરતી ખેતીના મહત્વ પર ભાર મૂકતા જણાવ્યું હતું કે દેશી ગાયના ગોબર અને ગૌમૂત્રમાંથી તૈયાર થતા વિવિધ પ્રાકૃતિક ઈનપુટ્સ જમીનની તંદુરસ્તી જાળવવામાં અને ટકાઉ કૃષિ વ્યવસ્થા ઉભી કરવામાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે. કોલેજના આચાર્યશ્રી ડૉ. એસ. પી. દેશમુખ એ આ પ્રસંગે જણાવ્યું હતું કે, "દેશી બિયારણો એ આપણી કૃષિ સંસ્કૃતિ અને પર્યાવરણીય સંતુલનનો આધાર છે. આ પ્રકારના પ્રદર્શનથી વિદ્યાર્થીઓ અને ખેડૂતો તેમજ નવી પેઢીમાં સ્વદેશી બિયારણો પ્રત્યે જાગૃતિ આવશે અને પ્રાકૃતિક ખેતીને નવું બળ મળશે." તેમજ શ્રી કુલદીપભાઈ દીક્ષિત, FWWB સંસ્થા દ્વારા ખેડૂત ઉત્પાદન સંગઠન વિશે વિશેષ માહિતી આપવામાં આવી હતી. આ તકે સુડાવડ ગામના પ્રગતિશીલ પ્રાકૃતિક ખેડૂત શ્રી પ્રવીણભાઈ આસોદરિયાએ પ્રાકૃતિક ખેતીના ઉત્પાદનોના માર્કેટિંગ વિષય પર ખેડૂતોને માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત કાર્યક્રમમાં કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, અમરેલીના મદદનીશ પ્રાધ્યાપક, ડૉ. કે. વી. મશાલિયા, કુ. રૂપાલી વઘાસીયા, તેમજ શ્રી બી. ડી. મકવાણા, અને ખેતી અધિકારી શ્રી હરદીપ વળિયા, કુ. યુ. એન. ડોડીયા ઉપસ્થિત રહ્યા હતા. જેમણે આ તાલીમને સફળ બનાવવામાં મહત્વપૂર્ણ ભાગ ભજવ્યો હતો. આ સાથે જ હડાળા ગામના ગૌશાળાના સભ્યો અને અન્ય આગેવાનોએ આ કાર્યક્રમને સફળ બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. કાર્યક્રમના અંતે ખેડૂતો સાથે પ્રશ્નોત્તરી યોજાઈ હતી, જેમાં ખેડૂતોના વિવિધ પ્રશ્નોના સંતોષકારક જવાબો આપવામાં આવ્યા હતા. કાર્યક્રમના સફળ આયોજન બદલ આયોજકો તથા ઉપસ્થિત ખેડૂતો દ્વારા પ્રસન્નતા વ્યક્ત કરવામાં આવી હતી, અને કાર્યક્રમને સફળ રીતે વિરામ આપવામાં આવ્યો હતો તેમ કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ,અમરેલીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

તારીખ : 23/11/2026

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની જનસેવા અને પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રની કામગીરીને બિરદાવી: રાજ્યપાલશ્રીએ પ્રધાનમંત્રીશ્રી પ્રત્યે વ્યક્ત કર્યો હૃદયપૂર્વકનો આભાર

આચાર્ય દેવવ્રતજીએ ગવર્નર પદની ગરિમા વધારીને સાર્વજનિક જીવનમાં રાષ્ટ્રહિત અને સમાજહિત માટે ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે: પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી

પ્રધાનમંત્રીશ્રીનું પ્રેરણાદાયી માર્ગદર્શન જનકલ્યાણ, સામાજિક સમરસતા અને પ્રાકૃતિક ખેતીના અભિયાનને વધુ વેગ આપવા માટે નવી ઊર્જા પૂરી પાડે છે: રાજ્યપાલશ્રી



પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના લોકકલ્યાણકારી કાર્યો, સામાજિક સમરસતા, સ્વચ્છતા અભિયાન તેમજ પ્રાકૃતિક ખેતી ક્ષેત્રે કરવામાં આવી રહેલા પ્રયાસોની મુક્તકંઠે પ્રશંસા કરી છે. પ્રધાનમંત્રીશ્રીના આ પ્રેરણાદાયી અને પ્રોત્સાહક ઉદગારો બદલ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ તેમનો અત્યંત વિનમ્રતાપૂર્વક અને હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો છે.પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યપાલશ્રીના કાર્યોને બિરદાવતા જણાવ્યું હતું કે, "એક સજ્જન સમાજસેવી ગવર્નર પદની ગરિમા કેવી રીતે વધારે અને ગુજરાતના તાણાવાણા સાથે કેવી રીતે સહજતાથી ભળી જાય, તેનું ઉત્તમ ઉદાહરણ આચાર્ય દેવવ્રતજીએ પૂરું પાડ્યું છે".પ્રધાનમંત્રીશ્રીએ વધુમાં ઉલ્લેખ કર્યો હતો કે આચાર્ય દેવવ્રતજી ગામડાઓમાં જઈને વંચિત અને દલિત પરિવારોને અત્યંત સહજ રીતે પોતાના બનાવી રહ્યા છે, જેના પરિણામે સેંકડો પરિવારોને આજે ગુજરાતનું લોકભવન પોતાનું ઘર લાગવા માંડ્યું છે. આ 'સબકા સાથ, સબકા વિકાસ'ના મંત્રનું જીવંત સ્વરૂપ છે. આ ઉપરાંત, રાજ્યપાલશ્રીના નેતૃત્વમાં પ્રાકૃતિક ખેતીનું કાર્ય ખૂબ જ પ્રોત્સાહક રીતે આગળ વધી રહ્યું છે, જે આગામી ૧૦૦ વર્ષ માટે ગુજરાતની ધરતી માતાની રક્ષા અને સમૃદ્ધિનો મજબૂત પાયો નાખશે.પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના આ સ્નેહપૂર્ણ શબ્દો અને પ્રોત્સાહન બદલ કૃતજ્ઞતા વ્યક્ત કરતા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, માનનીય પ્રધાનમંત્રીશ્રીના આ પ્રેરણાદાયી શબ્દો મારા માટે અત્યંત ગૌરવ અને આનંદનો વિષય છે. પ્રધાનમંત્રીશ્રીની દૂરદર્શી વિચારસરણી, તેમનું માર્ગદર્શન અને રાષ્ટ્ર પ્રથમનો સંકલ્પ જ આપણને સૌને સમાજના અંતિમ છેવાડાના માનવી સુધી પહોંચવા અને પ્રકૃતિના જતન માટે સતત કાર્યરત રહેવાની પ્રેરણા આપે છે.રાજ્યપાલશ્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે પ્રધાનમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં પ્રાકૃતિક કૃષિ, સામાજિક સમરસતા અને સ્વચ્છતાનું આ જનઆંદોલન વધુ વ્યાપક બનીને વિકસિત ભારત @ ૨૦૪૭ના નિર્માણમાં મહત્વપૂર્ણ યોગદાન આપશે.

તારીખ : 23/11/2026

સાવરકુંડલા તાલુકાના જીરા ગામમાં અનેક વિકાસના કામો થઈ રહ્યા છે ત્યારે સમગ્ર ગામને શુદ્ધ ફિલ્ટર થયેલું પીવાનું પાણી મળે તે માટે ડિજિટલ ફિલ્ટર પ્લાન્ટ નું આજે લોકાર્પણ કરવામાં આવ્યું છે





સાવરકુંડલા તાલુકાનું જીરા ગામ જીરા ગામના પૂર્વ સરપંચ અને હાલના જિલ્લા પંચાયતના પ્રમુખ દક્ષાબેન દ્વારા પોતાના ગામના વિકાસ માટે અનેક કામો કર્યા છે જ્યારે તેઓ સરપંચ હતા ત્યારે હોસ્પિટલ સારી સ્કૂલ સીસી અને બ્લોક પેવર રોડ સીસીટીવી કેમેરા સ્ટ્રીટ લાઈટ ગટર અને ઘેર ઘેર નળ સહિતની અનેક સુવિધાઓ પોતાના ગામ માટે ઊભી કરી છે. ત્યારે આ વિસ્તાર ખારો પાઠ વિસ્તાર કહેવાય છે અહીંયા મોળું પાણી આવે છે તેમજ ધૂંધળું પાણી આવે છે જોકે આ ગામમાં નર્મદાનું પાણી તો એકાતરા મળે જ છે પરંતુ નગરજનોને ફિલ્ટર થયેલું શુદ્ધ પાણી મળે તે હેતુસર પોતાની ગ્રાન્ટ માંથી ડિજિટલ ફિલ્ટર પ્લાન્ટ નું આજે લોકાર્પણ કરવામાં આવ્યું છે સાવરકુંડલા તાલુકામાં આ પ્રથમ જ ફિલ્ટર પ્લાન્ટ છે અને શહેરમાં 20 થી 25 રૂપિયા નું 20 લીટર મળતું પાણી અહીંયા નગરજનોને ફક્ત પાંચ રૂપિયાના ટોકન દરે પાણી મળશે અને એ પણ કાર્ડ સ્કેચ કરી અને દરેક લોકો 20 લીટર પાણી મેળવી શકશે ત્યારે જિલ્લા પંચાયતના પ્રમુખે પોતાના ગામના વિકાસ માટે કરેલા કામ બદલ તેમને અનેક એવોર્ડ પણ મળેલા છે.સાવરકુંડલા તાલુકાના જીરા ગામમાં અવિરત વિકાસ થઈ રહ્યો છે કેટલીક સરકારી ગ્રાન્ટો તો કેટલાક વિકાસના કામો ગામના દાતાઓને અગ્રણીઓના સહકારથી થઈ રહ્યા છે હંમેશા વિકાસના કામમાં દાતાઓનું યોગદાન મોકલી રહ્યું છે અને મહિલા પૂર્વ સરપંચ અને હાલના જિલ્લા પંચાયતના પ્રમુખ દક્ષાબેન ની કામગીરીથી સંતુષ્ટ થઈ આ દાતાઓ હંમેશા અગ્રેસર રહ્યા છે સાવરકુંડલા તાલુકાના અવિરત વિકાસયાત્રાના સતત સાક્ષી રહેલા સાવરકુંડલા વિસ્તારના કર્મઠ ધારાસભ્ય મહેશભાઈ કસવાળા પણ સાવરકુંડલા તાલુકામાં આ ફિલ્ટર પ્લાન્ટ ના લોકાર્પણ થી પ્રભાવિત અને ખુશ થઈ તેઓ પણ વિચારી રહ્યા છે કે સમગ્ર તાલુકાના મુખ્ય ગામોમાં આ પ્લાન્ટ શરૂ કરવો લોકોને ક્ષાર વાળુ કે મોડું પાણી ન મળે તેમાંથી મુક્તિ મેળવવા માટે કરેલ આ કાર્યની સરાહ ના કરી અભિનંદન પાઠવા હતા.સાવરકુંડલા તાલુકાનું જીરા ગામ ડિજિટલ વોટર ફિલ્ટર પ્લાન્ટમાં પ્રથમ રહ્યું છે ત્યારે આ પ્રયોગ જોઈ અને અન્ય ગામોના દાતાઓ તેમજ સરકારશ્રીની ગ્રાન્ટો માંથી ફિલ્ટર પાણી મળે તે બાબતની દિશામાં આગળ વધશે કે કેમ

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 23/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



- એનિવર્સરી કેક
- બેબીશાવર કેક
- સગાઈ કેક
- ફોન્ડન્ટ કેક
- મેક અપ કીટ કેક
- ફોટો કેક



અઢળક કેકની વેરાયટીઓ

New Collection

મેરેજ બોક્સ, ડ્રાયફ્રૂટ બોક્સ અને
રમકડાંની અવનવી વેરાયટી



અર્જન્ટ કેક
બનાવી આપવામાં આવશે.

બર્થ ડેકોરેશન,
બેબી શાવર ડેકોરેશન ની
તમામ આઈટમ મળશે..



તમને મળશે બધાથી અલગ અને તે પણ આપના બજેટમાં.

લાઈવ કેક માટે મુલાકાત લ્યો

સાવરકુંડલામાં કેક તેમજ ડેકોરેશન સાયેનું એકમાત્ર વિશ્વાસપાત્ર સ્થળ

નારોલા

લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા | મો. 88667 59838

તારીખ : 23/11/2026

શિક્ષક અને પત્રકાર શ્રી રવિ જોષીનો આજે જન્મદિવસ



મીડિયા જગતમાં સક્રિય અને સફળ પત્રકાર તરીકે પોતાની આગવી ઓળખ ધરાવતા શ્રી રવિ જોષીનો આજે જન્મદિવસ છે.વર્ષ ૨૦૧૭થી પત્રકારત્વ ક્ષેત્રે પ્રવેશ કરનાર રવિ જોષીએ પોતાની કાર્યકુશળતા, નિષ્ઠા અને લોકસેવાની ભાવનાથી મીડિયા જગતમાં વિશેષ સ્થાન પ્રાપ્ત કર્યું છે. પ્રભાવશાળી પત્રકારત્વ અને સતત સક્રિયતાના કારણે તેમણે પોતાની આગવી ઓળખ ઊભી કરી છે.શિક્ષક તરીકેની સેવાઓ આપ્યા બાદ હાલ તેઓ *સાવરકુંડલા ટાઈમ્સ (વીકલી ન્યૂઝપેપર)* તથા *વોઈસ ઓફ ડે, રાજકોટના સાવરકુંડલા પ્રતિનિધિ* તરીકે પત્રકારત્વ ક્ષેત્રે સક્રિય છે.પત્રકારત્વની સાથે સામાજિક કાર્યો, સેવાકીય પ્રવૃત્તિઓ અને ચેરિટેબલ કાર્યોમાં પણ તેઓ હંમેશાં અગ્રેસર રહ્યા છે. સમાજના વિવિધ પ્રશ્નોને વાચા આપવા અને સેવાકીય પ્રવૃત્તિઓમાં યોગદાન આપવાની તેમની ભાવના સરાહનીય છે.તેમના જન્મદિવસ નિમિત્તે ભગવાન મહાદેવને પ્રાર્થના કે તેઓ હંમેશાં સ્વસ્થ, તંદુરસ્ત અને પ્રસન્નચિત્ત રહે તેમજ જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ કરે અને પત્રકારત્વ તથા સેવાકીય ક્ષેત્રે સતત નવી ઊંચાઈઓ સર કરતા રહે તેવી હાર્દિક શુભકામનાઓ

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 23/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Happy Birthday



સાવરકુંડલા હોમગાર્ડઝ ના પ્રમાણિક અને નિષ્ઠાવાન અધિકારી,
સાવરકુંડલામાં સેવાકીય પ્રવૃતિઓમા અગ્રેસર એવા મિત્ર

શ્રી કેતનભાઈ પંડ્યા

ને જન્મદિવસની ખુબ ખુબ શુભકામનાઓ...

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 23/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Happy Birthday



મંથન રબારી

K.D NEWS

ના પ્લેટફોર્મ પર


જ્યાં રિલ્સ નહીં બ્રાન્ડ બને છે...


અને આપે છે

વ્યુઝની ગેરંટી અને સફળતાનો ભરોસો





















આજે જ સંપર્ક કરો

વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે

9724661561

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 23/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

ગુરૂદેવ કહે છે...


“

કેવી વિચિત્ર વ્યાખ્યા બંધાઈ ગઈ છે. આજના કાળે 'દરિદ્ર' ની ? જેની પાસે સંપત્તિ નથી એને લોકો દરિદ્ર માને છે.. પણ શાસ્ત્રકારો તો જેની તૃષ્ણા વિશાળ છે એને દરિદ્ર માને છે.. यस्य तृष्णा विशाला, सः दरिदी । **સંપત્તિહીન હજી સદ્ગતિમાં જઈ શકે છે પણ સંતોષહીનને સદ્ગતિ ખરેખર મુશ્કેલ છે.**

”



આચાર્ય વિજય રત્નસુંદર સુરિશ્વરજી મહારાજ



નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 23/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Shree Shivkrupanand Swami
Year2026


Gurutattva

3585
23/11/2026
Monday

आत्मा

आपका फ्लेर जितना निचे
के मंझील का होगा उतना
ही अधीक आपको "भुमीतत्व"
का लाभ मीलेगा

बालास्वामी
23/11/2026



'Nijdham', Dhyanasthali Gandhinagar, Mahudi Anodiya Road,
Mahudi - 382855, Gandhinagar, Gujarat, India.
Email : swamiji.office@gurutattva.org,
Telegram : t.me/ShreeShivkrupanandSwami Whatsapp : Shivkrupanand Swami

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 23/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



ગલગલીયા

મિત્ર: તું જીમમાં જવાનું શરૂ કર્યું?
બીજો: હા ભાઈ!
મિત્ર: શું ફાયદો થયો?
બીજો: હવે જીમના દરવાજા સુધી ચાલીને જવાની ટેવ પડી ગઈ!

પત્ની: આજે હું કેવી લાગું છું?
પતિ: એકદમ સુંદર!
પત્ની: સાચું કહો!
પતિ: એટલે જ તો પહેલેથી કહી દીધું... હવે કંઈ પૂછશો નહીં!

મિત્ર: તું એટલો શાંત કેમ છે?
બીજો: ઘરે પત્ની સાથે ઝઘડો થયો હતો.
મિત્ર: તો?
બીજો: હું જીતી ગયો... કારણ કે મેં કશું બોલ્યું જ નહીં!

તારીખ : 23/11/2026

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

23 નવેમ્બર
મહત્વની ઘટનાઓ

૧૯૭૧ –
ચીનના પ્રતિનિધિઓએ પ્રથમ વખત સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ સહિત સંયુક્ત રાષ્ટ્રમાં હાજરી આપી.

જન્મ

૧૮૯૭ –
નિરદ સી. ચૌધરી, બ્રિટિશ-ભારતીય ઈતિહાસકાર, લેખક અને વિવેચક (અ. ૧૯૯૯)
૧૯૧૭ –
બંસીલાલ વર્મા, ચકોર તરીકે જાણીતા ગુજરાતના ચિત્રકાર અને વ્યંગચિત્રકાર (અ. ૨૦૦૩)
૧૯૨૫ –
દીપક બારડોલીકર, પાકિસ્તાન સ્થિત ગુજરાતી કવિ, લેખક અને પત્રકાર (અ. ૨૦૧૯)
૧૯૨૬ –
સત્ય સાંઈબાબા, ભારતીય આધ્યાત્મિક ગુરુ અને દાર્શનિક (અ. ૨૦૧૧)
૧૯૩૦ –
ગીતા દત્ત, ભારતીય ગાયિકા અને અભિનેત્રી (અ. ૧૯૭૨)
૧૯૪૪ –
અભય ભૂષણ, ભારતીય કમ્પ્યુટર વૈજ્ઞાનિક

અવસાન

૧૫૧૧ –
મહમદ બેગડો, ગુજરાતના મુઝફ્ફર વંશના રાજ્યકર્તા સુલતાન (જ. ૧૪૫૮)
૨૦૨૦ –
તરુણ ગોગોઈ, આસામના મુખ્યમંત્રી (જ. ૧૯૩૪)

તારીખ : 23/11/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

વ્યાપારી માટે




હોલસેલ ભાવે

નાની-મોટી

ચીઠ્ઠી બુક

વિદ્યાર્થીઓ માટે



૨૬ ચોપડા

તેમજ

લખવા માટેની કોરી પસ્તી

SINCE 1923 KD NEWS PAPER

દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 23/11/2026

SINCE 1923 NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?

કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ



ફ્રેશ પસ્તી



સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

94997 97973

વોટ્સઅપથી ઓર્ડર માટે

CLICK HEAR

તારીખ : 23/11/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

SINCE 1923
NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના

સાળંગપુરના આજના દર્શન



કે.ડી

NEWS

આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો

કે.ડી ન્યૂઝ સાથે...



96K

60K

45K

100K

સંપર્ક : મો. 94997 97973